**તા.૧૮/૦૭/૨૦૨૦.**

**મે.ડે.મ્યુનિ.કમિશનર સાહેબ (હેરીટેજ),**

**વિષયઃ-** પ્રો.ડિસ્કલોઝર તથા એનેક્ષર- એ મુજબનું પ્રમાણ પત્ર મોકલવા બાબત.

**વિગતઃ-** માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે ખાતાની કામગીરીની માહિતી દર્શાવતું પ્રો.ડિસ્કલોઝર તૈયાર કરી વેબસાઇટ ઉપર મુકવા તજવીજ કરવા મદદનીશ જાહેર માહિતી અધિકારી , આર. ટી. આઇ. સેલ દ્વારા સુચના આપવામાં આવેલ છે.જે અનુસાર હેરીટેજ વિભાગની કામગીરી અંતર્ગત પ્રો.ડિસ્કલોઝર તૈયાર કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

ઉપરોકત સઘળી હકીકત જાણમાં લઇ હેરીટેજ વિભાગનું પ્રો.ડિસ્કલોઝર વેબસાઇટ ઉપર મુકાવવા મંજુરી આપવા વિનંતી છે.

| **ટી.ડી.આઈ.** | **આ.સી. ઇ.** | **ડે.જનરલ મેનેજર** | **એડી.સીટી ઇજનેર** |
| --- | --- | --- | --- |
| (હેરીટેજ) | (હેરીટેજ) | (હેરીટેજ પ્રોજેકટ) | (મ.ઝોન/હેરીટેજ) |

**ડે.મ્યુનિ.કમિશનર**
(હેરીટેજ)

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**હેરીટેજ વિભાગ,બ્લોક-એ, પ્રથમ માળ,**
**હેરીટેજ બિલ્ડીંગ ,સરદાર પટેલ ભવન,**
**ખમાસા,દાણાપીઠ,**
**અમદાવાદ.૩૮૦૦૦૧.**

---

**તા.૧૮/૦૭/૨૦૨૦**

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંકઃ- પીએડી-૧૦ - ૨૦૦૭-૩૩૫૩૬૪ - આર.ટી.આઈ. સેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણ પત્ર આપવામાં આવે છે કે મારી વડી કચેરી તથા મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના હેરીટેજ ખાતા દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ -૪ (૧)(ખ)અંતર્ગત સ્વંય જાહેર કરવાની બાબતો (પ્રોએકટીવ ડિસ્કલોઝર)(પીએડી) તૈયાર કરવામાં આવેલ છે.અને તા.૦૧/૦૫/૨૦૨૦ની સ્થિતિએ તે અધ્યતન કરવામાં આવેલ છે, જે બાબતે કોઈ ક્ષતિ રહેલ નથી તેમજ કોઈપણ પ્રકારની વિગતો બાકી રહેલ નથી.

તા.૩૦/૦૬/૨૦૨૦ ની સ્થિતીએ હેરીટેજ ખાતાના પ્રોએકટીવ ડિસ્કલોઝર (પીએડી)નું ઈન્સ્પેકશન-કમ-ઓડીટ બાકી રહેલ નથી.

**એડીશનલ સીટી ઈજનેર**
**(મ.ઝોન/હેરીટેજ)**

**બિડાણ :-** પ્રોએકટીવ ડિસ્કલોઝરની માહીતી.

# <u>અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન</u>
# <u>હેરીટેજ વિભાગ</u>

**માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫**
**અંતર્ગત કલમ ૪(૧) બી (૧) મુજબ**
**ખાતાનુ પ્રો - એક્ટિવ ડિસ્કલોઝર**

**હેરીટેજ વિભાગ,**
**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,**
**૧,લો માળ, એ-બ્લોક, હેરીટેજ બીલ્ડીંગ,**
**સરદાર પટેલ ભવન, દાણાપીઠ,**
**અમદાવાદ-૩૮૦૦૦૧.**
**ટે.નં-૦૭૯-૨૫૩૫૧૦૧૯.**

**<u>પ્રસ્તાવના</u> :-**

માહિતી અધિકાર અધિનિયમ -૨૦૦૫ અંતર્ગત અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના હેરીટેજ ખાતાને જાહેર સંગઠન તરીકે જાહેર કરવામાં આવેલ છે.હેરીટેજ ખાતાની કામગીરી, અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન ના વહીવટતંત્ર માં તેનુ સ્થાન, ફરજો અને જવાબદારીઓ અંગે જાહેર જનતાને સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય તેમજ હેરીટેજ ખાતાના કાર્યક્ષેત્ર અંગે સામાન્ય પ્રજામાં સાચી સમજ પ્રવર્તે તથા કઇ પ્રકારની રજુઆત કરી શકાય તે અંગેની વ્યાપક માહિતી ઉપલબ્ધ થાય તેમજ હેરીટેજ ખાતાના કાર્યક્ષેત્રની કામગીરી વધુ સરળ , વ્યાપક  તેમજ લોકાભિમુખ બને તે હેતુસર આ પુસ્તીકા અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન સાથે જેમને રોજ-બરોજની કામગીરી રહેતી હોય તેવા તમામ નાગરીકોને તેઓની કામગીરી સરળ અને ઝડપી બને તેમજ જાહેર સેવક  તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રી અને કર્મચારીઓને લાગુ પડતા વર્તણૂક( શિસ્ત અને અપીલ ) નિયમો સબંધમાં તેઓની જવાબદારી અને ફરજ પ્રત્યે વ્યાપક સમજ પ્રવર્તે તે હેતુથી આ પુસ્તિકા પ્રકાશન કરવામાં આવે છે.

હેરીટેજ ખાતાની કામગીરી અંગેની સંપૂર્ણ વિગતો આ પુસ્તીકામાં આપવામાં આવેલ છે.તેમ છતાં હેરીટેજ ખાતાની કામગીરી અંગે વધુ માહિતી આવશ્યક હોયતો નીચે જણાવેલ અધિકારીશ્રીઓનો સંપર્ક કરવો.

૧. શ્રી પી.કે.વાસુદેવન નાયર
જાહેર માહિતી અધિકારી અને ડે.જન.મેનેજર,હેરીટેજ(વહીવટ)
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન,
સરદાર પટેલ ભવન " એ " બ્લોક, પહેલો માળ,હેરીટેજ બીલ્ડીંગ,
દાણાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ટે.નં.૨૫૩૫૧૦૧૯.

૨. શ્રી ભારતી ડી.પટેલ
જાહેર માહિતી અધિકારી અને આ.સી.ઈ.(ટેકનીકલ)
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન,
સરદાર પટેલ ભવન " એ " બ્લોક, પહેલો માળ,હેરીટેજ બીલ્ડીંગ,
દાણાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ટે.નં.૨૫૩૫૧૦૧૯.

.

૩. શ્રી નિશિથભાઈ સેવક,શ્રી વિપુલભાઈ રબારી
જાહેર માહિતી અધિકારી અને ટી.ડી.ઓ. ઈન્સ્પેક્ટર
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન
સરદાર પટેલ ભવન "એ" બ્લોક,પ્હેલો માળ,હેરીટેજ બીલ્ડીંગ,
દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.નં.૨૫૩૫૧૦૧૯

૪. શ્રી અશોક એમ.સક્સેના
અપીલ અધિકારી અને એડી.સીટી.ઈજનેર (હેરીટેજ)
અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન,
સરદાર પટેલ ભવન, સી-બ્લોક, ચોથો માળ, ન્યુ-બીલ્ડીંગ
દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.નં-૨૫૩૫૨૫૮૬.

## (૧) <u>વ્યવસ્થાતંત્ર કાર્યો અને ફરજો</u>

### હેરીટેજ વિભાગની કામગીરીની વિગત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઐતિહાસિક શહેરના ભવ્ય વારસાની જતન અને જાળવણી માટે અને તેની આસપાસના વિસ્તારના પુનઃરૂત્થાન માટે જુદા-જુદા કાર્યક્રમો અને યોજનાઓનું આયોજન અને અમલીકરણ જેવા કે, હેરીટેજ વોક, વર્લ્ડ હેરીટેજ વીક અને વર્લ્ડ હેરીટેજ ડે ની ઉજવણી, વિવિધ વિષયો પર સેમીનાર,લેક્ચર સીરીઝ,કોન્ફરન્સ, ટ્રેનીંગ પ્રોગ્રામ, વર્કશોપ વગેરેના આયોજન તથા હેરીટેજ આધારિત પેઈન્ટીંગ, ફોટોગ્રાફીની સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમ, શેરી નાટકો વિગેરેનું આયોજન તેમજ પ્રદર્શન કરવામાં આવે છે. હેરીટેજ વિશે લોકોમાં જાગૃતિ વધારવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાર્યરત હેરીટેજ વોકને રાષ્ટ્રીય,આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોફેશનલી પ્રમોટ કરી મેનેજ કરવાનું, અને દેશ-વિદેશ થી વધુમાં વધુ પ્રવાસીઓને આકર્ષવા માટે ખાનગી સંસ્થા જોડે એમ.ઓ.યુ. કરી કામગીરી હેરીટેજ વોકની સંચાલન કરવાનું કામ સોંપવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં આવેલ જુદી-જુદી ઐતિહાસિક ઈમારતો જેવી કે કિલ્લાની જુની દિવાલો (ફોર્ટ વોલ), ઐતિહાસીક માણેકબુરઝ,દરવાજાઓ,ચબુતરાઓ,વાવ,કુવા કાંકરિયા તળાવની ફરતે આવેલ પગથિયાં,હવેલીઓ હેરીટેજ ઈમારત વિગેરેનું કન્ઝર્વેશન અને રીસ્ટોરેશન કરવાનું કામ હેરીટેજ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે.

અમદાવાદ કોટ વિસ્તારમાં આવેલ ઐતિહાસીક મુલ્ય ધરાવતા <u>૨૨૩૬</u> રહેઠાણના મકાનો અને <u>૪૪૯</u> સંસ્થાકીય મકાનોની યાદી તૈયાર કરી અ.મ્યુ.કો. દ્વારા મંજુર કરી તેની ગેઝેટ નોટીફીકેશન તા.૨૯ જુન ૨૦૧૬ના રોજ બહાર પાડવામાં આવેલ છે.આ ઉપરાંત શહેરના કોટ વિસ્તારની બહાર આવેલ ઐતિહાસીક મુલ્ય ધરાવતા <u>૩૭૬</u> મકાનોનો સર્વે કરી ટેન્ટેટીવ યાદી તૈયાર કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ હેરીટેજ મુલ્ય ધરાવતા મકાનોનું ડીટેઈલ્ડ ડોક્યુમેન્ટેશન જેવું કે આર્કીટેક્ચરલ ડોક્યુમેન્ટેશન,મેઝર ડ્રોઈંગ,ફોટોગ્રાફીક ડોક્યુમેન્ટેશન વિગેરે કામગીરી ચાલુ છે.

શહેરમાં આવેલ હેરીટેજ કેટેગરીમાં આવતા ખાનગી માલીકોના મકાનોના રીસ્ટોરેશન/ રીપેરીંગ માટે જી.ડી.સી.આર.-૨૦૨૧ની જોગવાઈ મુજબ સમગ્ર દેશમાં પ્રથમ વખત ટ્રેડેબલ ડેવલપમેન્ટ રાઈટ આપવામાં આવે છે. શહેરમાં આવેલ નોટીફાઈડ, હેરીટેજ મકાનોને નીતિ નિયમ મુજબ રીપેરીગ/રીસ્ટોરેશન કરવાની માંગણી આવેથી ટી.ડી.આર.નો લાભ આપવા કાર્યવાહી કરવામાં આવે છે.

ઐતિહાસીક અમદાવાદ શહેરની ફરતે આવેલ ફોર્ટવોલ અને દરવાજાઓના રીસ્ટોરેશનની કામગીરી હેરીટેજ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેમાં મુખ્યત્વે જમાલપુર વોર્ડમાં સી.એન.આઈ. ચર્ચ પાસે આવેલતેમજ એહમહશાહ મોસ્કની બાજુમાં આવેલ ફોર્ટવોલ, કાંકરીયા તળાવમાં સર્પ ગૃહની સામેના ભાગથી નગીના વાડીના ગેટ સુધીના સ્ટેપ્સના રીપેરીંગ/રીસ્ટોરેશનની કામગીરી પણ તબક્કાવાર કરવામાં આવી રહેલ છે. તેમજ રાયખડ દરવાજાને નવેસર થી રીસ્ટોરેશન કરવાની કામગીરી ચાલુ કેરલ છે.આ ઉપરાંત અમદાવાદ શહેરની ઓળખ સમાન ચબુતરાઓ જે કોટ વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ,પોળોમાં આવેલ છે તેનું રીસ્ટોરેશન પણ હાલમાં તબક્કાવાર કરવામાં આવી રહેલ છે.

ઐતિહાસીક શહેર અમદાવાદની હેરીટેજની સુયોજીત વ્યવસ્થાથી સાર સંભાળ થાય અને જુના શહેરનું Sustanable Development થાય તે માટે હેરીટેજ કોન્ઝર્વેશન પ્લાન-લોકલ એરિયા પ્લાન અને ટુરીઝમ મેનેજમેન્ટ પ્લાન પણ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.

ઐતિહાસીક અમદાવાદ શહેરમાં ૬૦૦ જેટલી પોળો ઉપરાંત અનેક કલાત્મક મંદિરો, મસ્જીદો, હવેલીઓ, ચબુતરાઓ,વાવો જેવા ઐતિહાસીક સ્થાપત્યો આવેલા છે.શહેરના આ વૈવિધ્ય સભર વારસાની ઓળખસમા કલાકારીગરી અને કોતરણીવાળા લગભગ ૨૦૦ થી વધુ વર્ષ જુના પોળોના મકાનો અને હવેલીઓ આવેલી છે.જેમાં ખાસ કરીને લાકડાંના કોતરણી કામવાળા મકાનો અને મંદિરો આજે પણ દેશ વિદેશના પ્રવાસીઓને મુલાકાત લેવા આકર્ષે છે.

ઐતિહાસીક શહેરમાં આવેલ આવા ખાસ કરીને વર્ષો જુના પોળોના મકાનો, મંદિરો,મસ્જીદો,હવેલીઓના બાંધકામ સમયાંતરે ઠંડી,ગરમી અને વરસાદ જેવા પરીબળોથી નુકશાન પામેલ છે.તેમજ જર્જરીત થયેલ છે જેનું સમયાંતરે રીપેરીંગ થવુ જરૂરી છે.પરંતુ હાલના સમયમાં શહેરના ભવ્ય વારસાસમા આવા જર્જરીત મકાનોની યોગ્ય રીતે રખરખાવ અને મરામત થવી જરૂરી છે.જે માટે કુશળ કારીગર અને ટ્રેડીશનલ બિલ્ડીગ મટીરીયલના ઉપયોગ કરવો જરૂરી હોવાથી આવા કામની યોગ્ય તાલીમ મળી રહે તે માટે અ.મ્યુ.કો દ્વારા એક હેરીટેજ બિલ્ડીગ સેન્ટર બનાવવાનું પણ આયોજન કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં પંડિત દિનદયાલ ઓડીટોરીયમમાં ઐતિહાસીક શહેર અંગેની હેરીટેજ પ્રદર્શનની જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવેલ છે.તદઉપરાંત હેરીટેજના પ્રચાર પ્રસાર માટે અ.મ્યુ.કોર્પો.દ્વારા આયોજીત થતા કાર્યક્રમોમાં હેરીટેજ થીમ આધારિત કલ્ચરલ પ્રોગ્રામ,લેક્ચર સીરીઝ,હેરીટેજ પ્રદશની વગેરેનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે.

ઐતિહાસિક અમદાવાદ સમગ્ર ભારત દેશમાં વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો પ્રાપ્ત કરનાર પ્રથમ શહેરનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે.

આ થવાથી આપણા શહેરમા અને સમગ્ર દેશમાં અર્બન હેરીટેજ કન્ઝર્વેશનના ક્ષેત્રમાં અન્ય ઐતિહાસિક નગરો અને શહેરોના વારસાની જાળવણી માટે પ્રેરણા મળશે અને તે માટે લોકો પણ જાગૃત બની હેરીટેજની જાળવણી માટે પ્રોત્સાહિત થશે. આમ દેશમાં કલા અને સાંસ્કૃતિક વારસાની જાળવણીથી ટુરીઝમ અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે.

અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો મળતાં હેરીટેજના યોગ્ય જતન અને જાળવણી અંગે અલાયદી વ્યવસ્થા સ્પેશીયલ પરપઝ વ્હીકલ (SPV) અ.મ્યુ.કોર્પો.દ્વારા 'અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી ટ્રસ્ટ'નું ગઠન કરવામાં આવેલ છે.જેથી હેરીટેજને લગતી અસરકારક અને ઝડપી કામગીરી થઇ શકે.અમદાવાદ શહેરને મળેલ વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો જાળવવા માટે યુનેસ્કોની ગાઇડલાઇન મુજબ એક વર્લ્ડ હેરીટેજ સેક્રેટરીએટસ ઉભું

કરવાની કામગીરી ચાલુ છે. તેમજ અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી ટ્રસ્ટમાં કોન્ટ્રાક્ટ પધ્ધતિથી સ્ટાફની નિમણુક કરી ટ્રસ્ટને કાર્યરત કરવામાં આવેલ છે.

## (૨) <u>અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો</u>

(૧) એડી.સીટી.ઇજનેર(હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ) તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ ટેકનીકલ તેમજ વહીવટી કામગીરી.
- હેરીટેજ ખાતાના ચાલતા કામોનું સુપરવિઝન તથા દેખરેખની કામગીરી
- હેરીટેજ ખાતાની ટેકનીકલ તેમજ વહીવટને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી
- આ વિભાગની મંજુરીઓ સક્ષમ સત્તા સમક્ષ નિર્ણય અર્થે મુકવાની કામગીરી.

(૨) ડે.જન.મેનેજર (હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ),એડી.સીટી.ઇજનેર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ વહીવટી કામગીરી.
- હેરીટેજ ખાતાના ચાલતા કામોનું સુપરવિઝન તથા દેખરેખની કામગીરી
- હેરીટેજ ખાતાને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી
- હેરીટેજને લગતી હેરીટેજ કોન્ઝર્વેશન કમીટીની કામગીરી
- આ વિભાગની ટેકનીકલ તથા વહીવટી મંજુરીઓ સક્ષમ સત્તા સમક્ષ નિર્ણય અર્થે મુકવાની કામગીરી.

(૩) આસી.મેનેજર(હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ), એડી.સીટી.ઇજનેર, ડે.જન.મેનેજર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ વહીવટી કામગીરી.
- હેરીટેજ ખાતાને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી
- આ વિભાગની વહીવટી મંજુરીઓ સક્ષમ સત્તા સમક્ષ નિર્ણય અર્થે મુકવાની કામગીરી.

(૪) આસી.સીટી.ઇજનેર(હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ), એડી.સીટી.ઇજનેર, ડે.જન.મેનેજર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ ટેકનીકલ કામગીરી.
- હેરીટેજ ખાતાના ચાલતા કામોનું સુપરવિઝન તથા દેખરેખની કામગીરી
- હેરીટેજ ખાતાની ટેકનીકલને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી
- આ વિભાગની ટેકનીકલ મંજુરીઓ સક્ષમ સત્તા સમક્ષ નિર્ણય અર્થે મુકવાની કામગીરી.

(૫)આસી.ઇજનેર(હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ), એડી.સીટી.ઇજનેર, ડે.જન.મેનેજર, આસી.સીટી.ઇજનેર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ ટેકનીકલ કામગીરી.
- હેરીટેજ ખાતાના ચાલતા કામોનું સુપરવિઝન તથા દેખરેખની કામગીરી
- હેરીટેજ ખાતાની ટેકનીકલને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી
- આ વિભાગની ટેકનીકલ મંજુરીઓ સક્ષમ સત્તા સમક્ષ નિર્ણય અર્થે મુકવાની કામગીરી.

(૬)ઈન્સ્પેક્ટર (હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ),એડી.સીટી.ઇજનેર, ડે.જન.મેનેજર, આસી.સીટી.ઇજનેર,આસી.ઇજનેર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ ટેકનીકલ તથા વહીવટી કામગીરી.
- હેરીટેજ ખાતાની ટેકનીકલને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી

(૭)સબ ઈન્સ્પેક્ટર(હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ),એડી.સીટી.ઇજનેર, ડે.જન.મેનેજર, આસી.સીટી.ઇજનેર,આસી.ઇજનેર,ઈન્સ્પેક્ટર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ ટેકનીકલ તથા વહીવટી કામગીરી.
- હેરીટેજ ખાતાની ટેકનીકલને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી

(૮)ટેકનીકલ સુપર વાઈઝર(હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ), એડી.સીટી.ઇજનેર, ડે.જન.મેનેજર, આસી.સીટી.ઇજનેર,આસી.ઇજનેર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.
- હેરીટેજ ખાતાની તમામ ટેકનીકલ તથા વહીવટી કામગીરી.
- હેરીટેજ ખાતાની ટેકનીકલને લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી

(૯)જુનિ.ડ્રાફટસમેન(હેરીટેજ)

- મ્યુનિ.કમિશનરશ્રી,ડે.મ્યુ.કમિશનર(હેરીટેજ), એડી.સીટી.ઇજનેર, ડે.જન.મેનેજર, આસી.સીટી.ઇજનેર,આસી.ઇજનેર તરફથી સોંપવામાં આવતી કામગીરી સ્ટાફ દ્વારા કરાવવામાં આવે છે.

- હેરીટેજ ખાતાની તમામ ટેકનીકલ તથા વહીવટી  કામગીરી.
- હેરીટેજ ખાતાની  ટેકનીકલને  લગતી જરૂરી માર્ગદર્શનની કામગીરી

(૧૦)જુનિ.ક્લાર્ક.(હેરીટેજ)

- ખાતાને લગતી વહીવટી,નાણાંકીય બાબતોની કામગીરી ઉપરાંત વખતો વખત ઉપરી અધિકારીશ્રી તરફથી સોંપવામાં આવતી કામગીરી કરવામાં આવે છે.

(૧૧)પટાવાળા(હેરીટેજ)

- ખાતાની ટપાલ અન્ય ખાતે પહોચાડવાની કામગીરી,ખાતાની જનરલ કામગીરી ઉપરાંત ખાતાના અધિકારી/કર્મચારી તરફથી સોંપવામાં આવતી કામગીરી કરવામાં આવે છે.

## (૩) દેખરેખ તેમજ જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતીઃ-

હેરીટેજ ખાતા દ્વારા હેરીટેજ બીલ્ડીંગોનો સર્વે કરવામાં આવેલ તે લીસ્ટના મકાનોના પ્લાન રીપેરીંગ માટે આવે તેને હેરીટેજ કોન્ઝર્વેશન કમીટી  એચ.સી.સી. (ગુજરાત રાજ્ય સરકાર ગઠીત)માં મુકવાની જવાબદારી તથા તેમની ભલામણને યોગ્ય હુકમ અર્થે તથા આગળની યોગ્ય કાર્યવાહી અર્થે નગર વિકાસ ખાતે મોકલવામાં આવે છે. અ.મ્યુ.કો. હસ્તક આવેલ હેરીટેજ સ્ટ્રક્ચર, બીંલ્ડીગ, ચબુતરા,ચોકના રીસ્ટોરેશન અંગેની દેખરેખ તથા રીપેરીંગ કરવા અંગેની જવાબદારી રાખવામાં આવે છે.

## (૪) હેરીટેજ ખાતાના કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો.

હેરીટેજ ખાતા દ્વારા હેરીટેજ બીલ્ડીંગ જે હેરીટેજ ખાતા દ્વારા સર્વે કરી ફાઈનલ કરવામાં આવેલ તે લીસ્ટ ના મકાનોના પ્લાન રીપેરીંગ માટે હેરીટેજ રેગ્યુલેશન મુજબ નક્કી કરેલા ધોરણો અનુસાર કરવાની થતી કાર્યવાહી તથા જાહેર જનતા તરફથી આવતી ફરિયાદો, વગેરે બાબતો અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે.

## (૫) પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સુચનાઓ,નિયમો સંગ્રહો અને રેકર્ડ.

મ્યુનિસિપલ કોર્પોરેશનના નિતી નિયમો તથા ધી બોમ્બે પ્રોવીન્સીયલ જી.પી.એમ.સી.એકટ-૧૯૪૯ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

## (૬) પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોઈ તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વખતો વખત અમલમાં આવતા નિતિ નિયમ અનુસાર દસ્તાવેજો જાળવવામાં આવે છે.

**(૭) તેની નિતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના નામ દ્વારા રજુઆત માટેની વિદ્યમાન કોઈ ગોઠવણની વિગતો.**

આ બાબત આ વિભાગને લાગુ પડતી  નથી.

**(૮) તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સીલો, સમિતિ ઓ અને બીજા મંડળની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ? અથવા તેવી બેઠકોની કાર્ય નોંધ લોકોને મળવા પાત્ર છે કે કેમ?**

આ બાબત આ વિભાગને લાગુ પડતી નથી.

**(૯) હેરીટેજ ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી.**

| અનુ નં. | હોદો | શીડ્યુલ મુજબ મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧. | એડીશનલ સીટી ઈજનેર (હેરીટેજ) | - | ફાળવણી | - |
| ૨. | આસી.મ્યુનિસિપલ કમિશનર | - | ફાળવણી | - |
| ૩. | ડે.જનરલ મેનેજર(હેરીટેજ પ્રોજેકટ) | - | કોન્ટ્રાક્ટ | - |
| ૪. | આસી.મેનેજર | - | ફાળવણી | - |
| ૫. | આસી. સીટી ઈજનેર | - | ફાળવણી | - |
| ૬. | આસી. ઈજનેર | - | ફાળવણી | - |
| ૭. | સહાયક ટેકનીકલ સુપરવાઈઝર | - | ફાળવણી | |
| ૮. | ઈન્સ્પેક્ટર | - | ફાળવણી | - |
| ૯. | ઈન્સ્પેક્ટર | - | ફાળવણી | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | સહાયક સબ ઈન્સ્પેક્ટર | - | ફાળવણી | - |
| ૧૧. | જુનીયર ડ્રાફટસમેન | - | ફાળવણી | - |
| ૧૨. | જુની. ક્લાર્ક | - | ફાળવણી | - |
| ૧૩. | જુ.ક્લાર્ક | - | ફાળવણી | |
| ૧૪. | પટાવાળા | - | ફાળવણી | - |
| ૧૫. | પટાવાળા | - | ફાળવણી | - |

**(૧૦) તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક વળતર.**

| **અનુ નં.** | **હોદો** | **પગાર / ગ્રેડ** | **ગ્રેડ પે** |
|---|---|---|---|
| ૧. | એડીશનલ સીટી ઇજનેર (હેરીટેજ) | ૩૭૪૦૦ - ૬૭૦૦૦ | ૬૬૦૦ |
| ૨. | આસી.મ્યુનિસિપલ કમિશનર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ |
| ૨. | ડે.જનરલ મેનેજર(હેરીટેજ પ્રોજેકટ) | રૂ. ૫૫,૦૦૦/-<br>કોન્ટ્રાકટ બેઇઝ | - |
| ૩. | આસી.મેનેજર | ૯૩૦૦ - ૩૪૮૦૦ | ૫૪૦૦ |
| ૪. | આસી. સીટી ઇજનેર | ૯૩૦૦ - ૩૪૮૦૦ | ૫૪૦૦ |
| ૫. | આસી. ઇજનેર | ૯૩૦૦ - ૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૬. | સહાયક ટેકનીકલ સુપરવાઈઝર | ૫૨૦૦ - ૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૭. | ઈન્સ્પેક્ટર | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૮. | ઈન્સ્પેક્ટર | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૯. | સહાયક સબ ઈન્સ્પેક્ટર | ૯૩૦૦ - ૩૪૮૦૦ | ૪૪૦૦ |
| ૧૦. | જુનીયર ડ્રાફટસમેન | ૫૨૦૦ - ૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૧૨. | જુની. ક્લાર્ક | ૫૨૦૦ - ૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૧૩. | જુની.ક્લાર્ક | ૫૨૦૦ - ૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૧૪. | પટાવાળા | ૪૪૪૦ - ૭૪૪૦ | ૧૯૦૦ |
| ૧૫. | પટાવાળા | ૪૪૪૦ - ૭૪૪૦ | ૧૯૦૦ |

## (૧૧) **<u>તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલ વહેચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતુ તેની દરેક એજન્સીઓ ફાળવેલ અંદાજ પત્રક.</u>**

**<u>સને ૨૦૧૯-૨૦૨૦ (અંદાજીત) ના બજેટમાં હેરીટેજ ડિપાર્ટમેન્ટ અંદાજેલ ખર્ચ.</u>**

| અ.નં | ડિપાર્ટમેન્ટ કોડ | એકા.કોડ | એકા.હેડ નામ | અંદાજીત ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧. | ૩૭૧ | ૩૮૩૬૦ | ઈજનેર ખાતુ,ઐતિહાસીક ઈમારતો ની જાળવણી | ૧૫૦.૦૦ |
| ૨. | ૩૭૧ | ૬૪૩૬૦ | ઈજનેર ખાતુ, કોન્ઝર્વેશન કેપીટલ | ૯૦૦.૦૦ |

## (૧૨) **<u>ફાળવેલ રકમો, અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહીત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત.</u>**

આ બાબત આ વિભાગને લાગુ પડતી નથી.

## (૧૩) **<u>તેણે આપેલ છુટ છાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારની વિગતો</u>**

આ બાબત આ વિભાગને લાગુ પડતી નથી.

## (૧૪) **<u>ઈલેક્ટ્રોનીક્સ સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેણે ધરાવેલ માહિતી ને લગતી વિગતો.</u>**

અત્રેના વિભાગની ફાઈલોમાં જેમાં ઈલેક્ટ્રોનીક્સ સ્વરૂપમાં માહિતી ઉપલબ્ધ હોય તે જે તે સ્વરૂપમાં નિયત નિયમા અનુસાર ફી ભરી મેળવી શકાય.

(૧૫) **<u>જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોઈતો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનાલયના કામકાજના કલાકો સહીતની માહીતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો.</u>**

આ વિભાગમાં કોઈ ગ્રંથાલય નથી.

## (૧૬) <u>જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદાઓ અને બીજી વિગતો.</u>

(૧) શ્રી પી.કે.વાસુદેવન નાયર
જાહેર માહિતી અધિકારી અને ડે.જન.મેનેજર (વહિવટ)
અમદાવાદ મ્યુ.કોર્પોરેશન
એ-બ્લોક, પ્રથમ માળ,હેરીટેજ બીલ્ડીંગ,
સરદાર પટેલ ભવન, દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.નં-૦૭૯-૨૫૩૫૧૦૧૯.

(૨) શ્રી ભારતી ડી.પટેલ
જાહેર માહિતી અધિકારી અને આસી.સીટી.ઈજનેર (ટેકનીકલ)
અમદાવાદ મ્યુ.કોર્પોરેશન
એ-બ્લોક, પ્રથમ માળ,હેરીટેજ બીલ્ડીંગ,
સરદાર પટેલ ભવન, દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.નં-૦૭૯-૨૫૩૫૧૦૧૯.

(૩) શ્રી નિશિથભાઈ સેવક,શ્રી વિપુલભાઈ રબારી
જાહેર માહિતી અધિકારી અને ટી.ડી.ઓ. ઈન્સ્પેક્ટર
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન
સરદાર પટેલ ભવન "એ" બ્લોક,પ્હેલો માળ,હેરીટેજ બીલ્ડીંગ,
દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.નં.૨૫૩૫૧૦૧૯

**પ્રકરણ-૫** **<u>અપીલ અધિકારીશ્રીનું નામ તથા હોદો.</u>**

શ્રી અશોક એમ. સક્સેના
અપીલ અધિકારી અને એડી.સીટી.ઈજનેર
અમદાવાદ મ્યુ.કોર્પોરેશન
સી-બ્લોક, ચોથો માળ,ન્યુ. બીલ્ડીંગ,
સરદાર પટેલ ભવન, દાણાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ટે.નં-૦૭૯-૨૫૩૫૨૫૮૬.

## (૧૭) **ઠરાવમાં આવે તેવી બીજી માહિતી.**

આ બાબત આ વિભાગને લાગુ પડતુ નથી.